દાન્ગવાખ્યાન !

એટલે દાંઙવની ઘોડીની કથા



વ્યાસ વલ્લભરામ સુરજરામનું બનાવેલું

છપાવી પ્રસીદ્ધ કરનાર

વ્યાસનાશીષ્ય

મોતીલાલ મગન સોમનાથ છગન

અમદાવાદ

વ્યાસ વલ્લભરામ સુરજરામે
પોતાના વિજયવાન્છીત પ્રેસમાંછાપ્યુ

ઠેકાણુ
રાયપુર ચકલાની પોલીસ ગેટપાસે

સંને ૧૮૮૬ સંવત ૧૯૪૩

કીમત ૪ આના

૨૬૬૨

દાન્ગવાખ્યાન

કડવું ૧

ધનાશ્રીનો ઢાળ*

ગણેશના ગુણ ગાઇને ગાઉં, દાંગવનું આખ્યાન;
સરસ્વતીને શરણ બેસી, દુર કરૂ અભીમાન. ૧
જનમેજેને વઇસમપાયે, સ્રવણ કરાવી કથાય;
તે કથા કહુ સ્રોતા જનને, પશુ જનમ વહી જાય. ૨
સાંભળે શીખેને સંભળાવે, ટળે ત્રીવીધી તાપ;
દેહ પશુનો પ્રાપ્ત ન થાયે, છુટે મોટાનો સ્રાપ. ૩
એક વેળા ઇંદ્રપુરીમાં, બીરાજ્યા દેવ લોક:
વાદ વિવાદ વિનોદ ન ચાલ્યો, વડી વારે થયો શોક.
એટલામાં આવી એક અપછરા, ઉરવંશી જેનું નામ;
કોમળ કાયા કનક સરખી, રૂપ રૂપની ધામ. ૫
કાંઇ ન કેણી છે મ્રગા નેણી, વેણી કેસની વાળી;
વરણન કરતાં ફણીશ્વર થાકે, એવી અતીશે રૂપાળી. ૬
તે તારૂણી જોઇ દેવતા બોલ્યા, આનંદ ઉપજે સત્ય;
મનહર ચીત્ત ચોર ચાતુરા તું, માંડય સભામાં નૃત્ય. ૭
એવી આપી આગના તવ, નૃત્ય કર્યો આરંભ;
પામ્મર પ્રાણીની નજરે પડે, તો થાય સ્થંભીત સ્થંભ. ૮
વાજીંત્ર વાગે મીઠાશ લાગે, સરોદાને સરણાઇ;
જળત્રંગ મોરચંગ મરદંગ નસ્રંગ, પખવાજને અવાઇ.
ધમ ધમ ધમ ધમ ઘુઘરૂ બોલે, દેખી થયા દેવ ખુશી;
તેવે સમે ત્યાં આવી પ્હોંચ્યા, જે દુરવાસા રૂશી. ૧૦
એટલે સભાના સૌ સુર ઉઠયા, ભલે દીધાં દરશાન;

પધારો પધારો કહી પધરાવ્યા, આપીને આસન ૧૧
વળતુ વાણી વધ્યા સુરપતી, અપછરાને એમ;
નૃત્ય કરી તુ રૂશીવરને, ઉપજાવ્ય પુરણ પ્રેમ. ૧૨
મોહીત મનથાય માહામુનીનું, ત્યારે ક્રીયા તુજ સાચી;
માન્યની માન્ય મળે સહુસુરનું, રીઝવ રૂશીનેનાચી. ૧૩
અપછરા કહે મોહીત કીધા, શાણાને સુપાત્ર;
તેત્રીસ કોટીને લબ્ધ કર્યા તો, બ્રાહ્મણ તે કોણ માત્ર. ૧૪
એમ કહીને નૃત્ય આરંભ્યો, મન ધરી અભીમાન;
હતી જેટલી ક્રીયા તેટલી, કરી વળી દઇ ધ્યાન. ૧૫
તોપણ રૂશી રીજયા નહીને, જરા ન લાગી લત્ય;
ન મન માને મ્હાદેવજીનો, જેણે જોયેલો નૃત્ય. ૧૬
માટે રૂશીવર ખુશી થયા નહી, ક્રોધ કર્યો ઉરવંશી;
કોપ કરીને એમ બોલી, વિપ્ર ઝેરીલો ધ્વંશી. ૧૭
મન માન્યુ પણ મોઢે ન બોલે, અંતર ઉલટ આણે;
નવ્ય આણે તો જંગલી સરખો, શુ નૃત્યની વાતજાણે. ૧૮
એવાં એવાં જ્યાં વેણ કહ્યાં ત્યાં, લાગ્યો રૂશી તનતાપ;
શું કહુ રંડા પાપણી, દુરવાસે દીધો શ્રાપ. ૧૯
નીશાયે નારી દીવશ ઘોડી, થઇ તું પૃથ્વી પડજે;
તાર્ગ્યને જળથી ઉદર ભરી, રણ વીષે રખડજે. ૨૦
એમ સ્રાપ દીધો રૂશીએ, અપછરા અકળાય;
ત્રાસ પામી રડવા લાગી, થરથર કંપી કાય. ૨૧
દેવતા સહુ કરગરવા લાગ્યા, વરત્યો આહાકાર;
આ નારીવણ સ્વર્ગ વિષે, રેહેવાય નહી લગાર. ૨૨
એવી રીતે દેવતા કરગરીયા, કરગરી છે નારી;
દયા ઉપની દુરવાસાને, સ્રાપ હું નાંખુ નીવારી. ૨૩
કરૂણા કરી કહે રૂશીજી, સુંદરી સુણ્ય વચન;

મળે સાડાત્રણ વજરજ્યારેત્યારે, આવજે સ્વર્ગસુદન.૨૪

વલણ

સ્રાપ એમ નીવારીને, રૂશિથ યા વીદાય;
આજ્ઞા માગે દેવની, પડી અપછરા પાય.

કડવું ૨

નાટકની સ્તુતિનો રાગ.

આગના દો માહારાજ, સભા સહુ આગના દો માહરાજ.ટેક
પુર્વના પાપથી, સ્રાપજ પામીરે; રૂશીને દલ થઇ દાજ. સભા૦ ૧
દોશ કોને દઉ વાંક ભવીશનોરે; કાંઇ રહ્યો ન ઇલાજ. સભા૦ ૨
વેડીશુ વનમાં વપુ પશુનુરે; છોડાવા કરજો કાજ. સભા૦ ૩
આપનું હેતઅતી સાંભરીઆવશેરે,રડીનેદઇશુ અવાજ.સ૦ ૪
પશુના વર્ગમાં પડી રહીશુરે; તે બધી તમને છે લાજ. સ૦ ૫

વલણ

એમ કહી લીધી આગના, જુએ સ્વર્ગના ભુપ;
અવની આવી અપછરા, ધરીયુ ઘોડીરૂપ.

કડવું ૩

વૈદ્રભી વનમાં વલવલે. એરાગ.

અંત્રીક્ષથી ઘોડિઉતરી, પચરંગી સ્વરૂપ;
શામ ચરણ સોહામણા, કેશવાળી અનુપ. અંત્રી૦ ૧
સ્વેત શરીર સાફ સોભતું, રક્ત રંગના કરણ;
સુંદીર સોવણ મુખની, પુંછ છે પીત વરણ. અંત્રી૦ ૨
એતો દુકી ચાલે ઘણું ચાલતી, આવી યુમનાંને તીર;
ચારો ચરેછે એઘાસનો, પીયે નીરમળ નીર. અંત્રી૦ ૩

એમ આખો દાવસ ફરે રાન્યમાં, પડે નીશા જે વાર;
અસ્ત રવી થાય એટલે, બને સુંદીર નાર. અંત્રી૦ ૪
એતો નારી વેશે વ્રક્ષે ચઢી; રૂજની રહે બેઠી;
સુર્યં ઉદયના યોગમા, ઉતરે આપ હેઠી. અંત્રી૦ ૫
પછી દરસન દે સુર્યં દેવતા, તવ સ્વરૂપે ફરતી;
અસ્વણી અંગ ધારણ કરી, જળત્રડ ચારા ચરતી. અં૦ ૬
હવે તે ત્રઠની સામી તીર છે, એક સુંદાર દેશ;
વસે છે ત્યાં રૂડો રાજીયો, દાંડવનામ નરેશ. અંત્રી૦ ૭
તેવા તે રાજાને સપ્ત ઘોડલા, પુષ્ટીવાન છે કાય;
મધ્યાને અનુચર લેઇને, જળ પાવાને જાય. અંત્રિ૦ ૮
તેવા તે ઘોડાએ દીઠી ઘોડલી, રહ્યા નહી દાસ પાસ;
છટકી સામી તીર સંચર્યા, તજી તરશને ઘાસ. અં૦ ૯
એતો આખો દાહાડો ભુખ્યા ભમ્યા, સાંજે થઇ ઘોડીનાર;
મનુષરૂપે વ્રક્ષે ચડી, પાછા વળીયા તોખાર. અંત્રિ૦ ૧૦
એમ ઘોડાને લેહ લાગી નિત્યની, તેથી શરીર સોસાય;
રાજાએ પુછીયુ દાસને, કેમ અશ્વ સુકાય. અંત્રિ૦ ૧૧
ત્યારે દાસ કહે સુણો રાયજી, જળ પાવાને લેતા;
સામીતીરે ઘોડી કોકની, દેખી હાથ ન રહેતા. અંત્રિ૦ ૧૨
તવ રાજા કહે કોની ઘોડલી, બાંધીને ઘેર લાવુ;
આજ અશ્વપર બેશીને, જળ પાવા હું જાવું. અંત્રિ૦ ૧૩
એવું કહી રાજા અશ્વ બીરાજીયો, ગયો યુમનાંને ઘાટે;
ઘોડાએ ઘોડી નીરખી, દોડયા સૂર સપાટે. અંત્રિ૦ ૧૪
રાય જોવાને ઘોડે બેઠો રહ્યો, આખો દીવસ ભમીયો;
એવે સમે થઇ રૂજની, દીન મણી આથમીયો. અં૦ ૧૫
ત્યારે ઘોડી ટળીને નારી થઇ, વ્રક્ષે ચડવાને ચાલી;
ઘોડેથી દાંડવ ઉતર્યો, ઉભો જઇ કર ઝાલી; અં૦ ૧૬

કહે રાજા તુ કોણ છે.સુંદરી, ભુત પ્રેત કે દેવી;
કોણ નાત જાત ઘર ગામછે, નામે નારી તૂં કેવી. અં૦ ૧૭
ત્યારે ઉરવંશી કહે સુણો રાયજી, તાહરે શો સંતાપ;
અપછરા છું સ્વર્ગની, પામી રૂશીનો સ્રાપ. અંત્રી૦ ૧૮
તેવા સ્રાપથી દીન દેહ બે ધરૂ, વસૂછુ વાસો વનમાં;
મધુરી વાણી સુણીરાયને,લાગી ચટકી ત્યાંતનમાં.અં૦૨૦
તદ રૂપ સ્વરૂપ દેખીને થયો, નમીને વદયો વાણી;
ઘેર પધારો ,માહરે થાપશુ પટરાણી. અંત્રી૦ ૨૧
સહુ સુખ ખાનપાનનું આપશુ, મુને પ્રગટયો પ્રેમ;
ઉરવંશી કહે આવીયે, જો ચાલો કહું તેમ. અંત્રિ૦ ૨૨
તવ રાજા કહે કોહો તે કરૂ, બોલી નારી વીવેક;
શીવ વીષ્નું માગે મુજને, દેવી નહી ઘડી એક. અં૦ ૨૩
ત્યારે રાજા કહે એ પ્રમાણછે, પણ પુછુછુ પેર;
બળીયો હોયે કોઇ મુજથી, તે ધણી માગે ઘેર. અંત્રિ૦ ૨૪
તેહેવાને માગે હું ન દેઉંતો, માગે રણ સંગ્રામ;
તે વારે શું કરૂ સુંદરી, મ્હારી ચાલે ન હામ. અત્રી૦ ૨૫
ત્યારે નારી કહે સુણો ભુપતી, રહેવું અન્ય શરણ;
સરણ ન રાખે તો મુજને, લઇ પામવું મરણ. અંત્રિ૦ ૨૬
ત્યારે રાજા કહે તે કબૂલછે, દીધુ વચન હાથ;
ઘોડે બેસાડીને સુંદરી, લાવ્યો પોતાની સાથ. અં૦ ૨૭
રામારૂપ રહી રૂજની વિષે, દીવસે ઘોડી થાય;
ઘાસ ચારો નાંખી ચાકરી. કર્યા કરેછે રાય. અંત્રિ૦ ૨૮

વલણ

એમ કેટલા દન વીતીયા, એવે સ્વરગ સુર લોક
નારદને બોલાવીયા, દેખાડયો બહુ શોક.

કડવું ૪
આશાવરી.

શોક દેખી સુર લોકનોને, નારદજી એમ પુછે;
સ્વર્ગ સુખમાં ઉદાશી આવી, તેનું તે કારણ શું છે. ૧
શે દુખે દુલ્યા આનંદ ભુલ્યા, તે વાત જાણવા માગુ;
જે હોય તે કહો મુજને હું, ભીડ તમારી ભાગુ. ૨
તે સાંભળી સહુ સૂર બોલ્યા, આનંદ નાઠો સ્વામી;
ઉરવંશી હતી અપછરા તે સ્રાપ રૂશીનો પામી. ૩
દીવશે ઘોડી રાત્રીએ રામા, થઇ ભોમીમાં પડી;
એના વીના છે સ્વરગ સૂનું, ગમતૂ નથી ઘડી. ૪
વજર સાઢાત્રણ ભેઝાં મળેતો, સ્રાપ નીવારણ થાય;
આવે અપછરા સ્વરગ વિષે, એમ કરો ઉપાય. ૫
નારદજી તવ બોલીયાછે, પૃથ્વીમાં પરવરૂ;
વજર સાડાત્રણ ભેગા કરાવી, સ્રાપ નીવારણ કરૂ. ૬
યુદ્ધ થયા વણ વજર સાડાત્રણ, કોકાળ ભેગાં ન થાય;
ટંટાની ત્રષ્ણા છે મુજ મનમાં, જોવાની આતુરતાય. ૭
એમ કહીને સંચરીયાછે, ભોમી દ્વારીકા ગામ;
શોભે શોયામણું નગ્રશીલુ, વાસોવસે ઘનશામ. ૮
શોળ સહસ્ર સત અષ્ટ ધામછે, પ્રભુનાં શોભાયમાન;
એક લક્ષ સાઠ સહસ્ર એકાશી, હરી તણા સંતાન. ૯
તે સહુના મેહેલ જુજવાછે, પુત્ર પ્રદ્યુમાન જેષ્ટ;
બળવાન રૂપવાન ગુણવાન વિદ્વાન, સુરોપુરો નરસ્રે ષ્ઠ ૧૦
નારદજી તેને ધામ પધાર્યા, માન્ય દીધુ પ્રદ્યુમાન;
આસન આપી બેસાડયા, નારદે કર્યાં વીખાણ. ૧૧
ભાઈ તુ ભાગ્યશાળી ભારે, વૈભોગ શા કહુ મુખ;
ત્રૈણ લોકમાં તારા સરીખું, કો જનને નથી સુખ. ૧૨

માત ભ્રાત વળી પુત્રને પીતા, રૂડીછે રીદ્ધીને સીદ્ધી;
આવે એહ તુજ મંચક પાયે, ઘેર વસે નવ નીદ્ધી. ૧૩
સંસારનો સહુ લ્હાવોછે તારે, હું રહ્યો આનંદ પામી;
સઘળી વાતનું સુખલીધું પણ,છે એક વાતમાંખામી.૧૪
કહે પ્રદ્યુમાન ખામી હોયેતો, બતાવી દયો માહારાજ;
વિલમનથી તે સુખ લેતાં, સીઘ્ર કરૂ કાજ આજ. ૧૫
નારદ વદે બોલેલું પાળજે, તું તાહારૂ તન તોડી;
મંગાવ્ય દાંડવ રાજાને ઘેરથી, અમુલ્ય એકછેઘોડી.૧૬
ત્રેણ લોકમાં એહ ઘોડીની, જોડી નથી કોઇ ઠામ;
પણું નહીંતો ચાર ઘટીકા, લાજો રાજ્ય તુજ ધામ. ૧૭
ત્યારે હું જાણું પુત્ર પ્રભુનો, ધન્ય તારી માનુ પેટ;
મંગાવે નહીંતો-છોકરી સરખો,ઊઠયો તું દૈવની વેઠ.૧૮

વલણ

એમ ઉશ્કેર્યો નારદે, કરજે ધાર્યુ કામ;
કહાર્વા પુછે કોઇતો, ન લૈશ મારૂ નામ.

કડવુ ૫

રાગ મારૂ

એવું કહી થયા નારદ વીદાય, લાગી ચટકી કુંવર મનમાંય;
તેણે દીન બળદેવજીનેઘેર, સાથ ભોજન છે ભલીપેર. ૧
સગાં સહોદર પુત્ર પરીવાર, આવ્યાં જમવા હળધરને દ્વાર;
આવ્યો નથી પંડે પ્રદ્યુમાન, બાકી આવ્યાછે સહૂ સંતાન. ૨
ત્યારે બળદેવજી પુછે એમ, હજી ન આવ્યો પ્રદ્યુમાન કેમ;
તવ રૂક્ષમણી કહે જાવો, શાથી ન આવ્યો તમે બોલાવો. ૩
એવું સુણીને બળદેવ જાય, આવ્યા પ્રદ્યુમાનના ધામ માંય;

ઉઠો બેટા કરાવ્યો ઉચાટ, સહુ જમનારાં જુએછે વાટ. ૪
એવું સૂણી કહે પ્રદ્યુમાન, મારે કરવુ નથી અવદાન;
ત્યારે બળદેવજી એમ પુછે, નથી જમવું તે કારણ શું છે. ૫
સુણી વદે પ્રદ્યુમાન વાણી, મારૂ જીવતરછે ધુળધાણી;
એકઘોડી દાંઙવ ઘર માંય, તેને જોવાની મુજ ઇછાય.. ૬
સુણી બળીભદ્ર વદ્યા મુખ, બેટા એમાં ધર્યું દલદુખ;
એતો ઘોટી મંગાવુ આજ, ઉઠો ભોજન કરવા કાજ. ૭
સુણી કહે કુંવર એતો કાચુ, માગો જવાબ તો લાગે સાચુ
સુણી પત્ર લખ્યો હળધારી, દેજે દાંઙવ ઘોડી તારી. ૮
આવે પત્ર લઇને જોધ જેહ, તેને દેજે તું ઘોડલી તેહ;
રાખી બે દિન પાછી દઇશું, નહીં તો પરાણે પણ લઇશુ. ૯
આપી પત્ર જાદવ મોકલીયા, તેતો દાંગવપુરિમાં પળિયા;
આપ્યો પત્ર દાંગવસેન હાથ, વાંચી દલજિર થયો દલસાથ. ૧૦
લખ્યો જવાબ સુણો જદુપતિ, ઘોડી પા પળ મળવાની નથી;
લાવ્યા જવાબ જાદવ જોધ, સુણિ હળધારિને ચડયો ક્રોધ. ૧૧
એવે વાર થઇ ઘટિ ચાર, આવ્યા તેડવા દેવ મોરાર;
કહયુ બેઉ જણા રહ્યા બેશિ, વાતો શિકરો ગુપત ધામપેશિ. ૧૨
ત્યારે બોલ્યા બળીભદ્ર એમ, એક પ્રદ્યુમાનને થયો પ્રેમ;
દાંગાંવ ઘેર ઘોડીછે રૂપાળી. તમ સુતને જોવિછે ન્યાળી, ૧૩
તેને મગાવવા મેં લખ્યો પત્ર, તેણે જવાબ મોકલ્યો તત્ર;
નથી દેવાની ઘોડી ઘડી એક. તેવું સુણી મને લાગ્યો ટેક, ૧૪
ત્યારે વદયા વીઠલવર વાણી, આશો લેઇ બેઠા મતતાણી;
તમો મોટાતે છોટાજેવા થયા. ખોટીહઠ ઝાલીને બેશી રહ્યા, ૧૫
કહ્યુ કરો બાળક તણુ જેમ. થાયે હઠીલું છોરૂં તેમ તેમ;
ઇછા પુરી કર્યેથી લેહે લાગે, કાલે ચંદ્ર ચાંદરણી માગે; ૧૬
તેવું પુરૂ નપેડે સદાય. ઉઠો જમવા સમય થઇ જાય

તેવું સુણી વદયા હળપતી, તમ પુત્રતો ઉઠવાનો નથિ; ૧૭
ત્યારે બોલ્યા હરિ વરકુંશિ, ભલે નવ્ય ઉઠેએનિખુશિ,
નહીંઉઠે શું આપણું જાશે, થાશેક્ષુધા મ્હોઢે માગીખાશે. ૧૮
એવાં વચન તાતનાં જાણી, લાવ્યા નેત્રમાં પ્રદુમાન પાણી;
એમ વેળા વીતી ઘટી ચાર, આવ્યાં રૂક્ષમણીજી તે વાર. ૧૯
દીઠો રડતો કુંવર કાયા કાંપે, શું છે બેટડા કહી રૂદે ચાંપે;
શાને સારૂ આંસુ ભરે તન, એવું કહી લુછે મા લોચન. ૨૦
બેટા કોણે વાળ્યો દુઃખ ડાટ, રડે તેમ તેમ સુત હૈયા ફાટ;
કોણે દુભ્યાદીકરા તનેફાંસુ, આવ્યાં રૂક્ષમણીને આંસુ. ૨૧
તેવું જોઇ વધા હળધારી, વદયા કુંવરને શ્રી મોરારી;
એક ઘોડા દાનવ ઘેર આવી, તારા પુત્રને લેવિ મંગાવી. ૨૨
હઠ લેઇ બેઠો તન તારો, તેથી પત્ર મોકલીયો મે મારો;
પણ માન્યું ન દાંગવરાય, વાગે માંથામાં તેવી કહી નાય. ૨૩
માટે રીસ રૂદે મને લાગી, જાણે એ કને લેઉ યુદ્ધ માગી;
પણ પીઉજી તારો વઢેછે, મુને ક્રીકારી ઠપકો દે છે. ૨૪

વલણ.

એવાં વચન સાંભળી, રાણી વદીયાં વાણ;
શીદ સંતાપો સુતને, ઓરે પુરૂષ પુરાણ.

કડવું ૬

રાગ સિંધુ.

સામળીયા સ્વામી, સુત સપડાવો છો શાને;
ધ્યાન તમારી બેસે નહીં તો, જરા ન ધરશો કાનેરે. સામ૦ ટેક
કદી નહીંને આજ કુંવરને, ઉલટ આવી એવી;

કાંક કહ્યુંકે કાકા પ્રત્યે, તો રીસ તમને કેવીરે. સામ૦ ૧
ઇછા ઉપની આપના ઉરમાં. તો કુંતલપુર આવ્યા;
મમ વિર સાથે વૈર કરીને, કેમ મને હરી લાવ્યારે. સા૦ ૨
કેહેર કરીને વેર વધાર્યાં. ઘેર ઘેર ગાંરધારી;
સોળ સહસ્ત્ર કામની લાવ્યા, નરકાસુરને મારીરે. સાંમ૦ ૩
પુત્રની ઇચ્છિા પુરણ કરશું, આપ ખુણામાં પેસો;
લ્યો આપુ કંચુકી મારી, પ્હેરી પાતળીયા બેસોરે. સામ૦ ૪
યુધે ચડશુ લડશુ વઢશું, તોડીશુ તન તાપો;
મમચીર ચણીયા ધારણ કરી, આયુધ અમને આપોરે. સા૦૫
જગત જાણે ગુણ વીખાણે, થાય ભલે ભવાઈ;
ન્હાનપણમાં પ્હેરી નાખ્યાતા, તો શી આજ નવાઇરે. સામ૦ ૬
બળદેવનું બોલ્યુ પડ્યું પાછું, તે પણ [illegible]માં નાખ્યું;
ટેક ન લાગ્યો ક્ષત્રી ધરમનો, શંઢ નર નામ ધરાવ્યુરે. સા૦ ૭
ઘોડો લેશુ કહો જગ કેહેતું, ભામનીયો છે મુંડી;
ચક્ર દયો અમને ચત્રુભુજજી, લ્યો કર પ્હેરો ચુડીરે. સા૦ ૮
આગળ પ્રાક્રમ બહુ કરેલાં, તે પ્રાક્રમ ડબોળ્યુ;
શીતળ થઇ શું સુણો સ્વામી, જાદવ કુળ વગોવ્યુરે. સા૦ ૯
હીમત તો કયાંથી આપો પણ, ઠપકો દેવા આવ્યા;
કાહ્યરપણું કરી મોહોટા, હળધારી લજાવ્યારે. સા૦ ૧૦

વલણ.

એવાં વાયક સાંભળી, બોલ્યા શ્રી જદુનાથ;
કાહાવો હાનગવગાયને, યુદ્ધ કરજો અમ સાથ.

કડવુ ૭

ધનાશ્રીનો ઢાળ

સુર ભરાયું સામળીયાને, પત્ર આપ્યો હળધારી;
દાંન્ગવરાજા ઘોડી ન આપી, વિપ્રીત છે ગત તારી. ૧
ભલે ન આપી નોરીસ વ્યાપી, અહંપદ શું મન આણે;
યુદ્ધ માગીએ તારી પાસે, ક્ષત્રી ધર્મ પ્રમાણે. ૨
એમ લખાને જાદવ સાથે, પત્ર પોચાડી દીધો;
ઉઠયો પ્રદ્યુમાન ભોજન કરવા, લ્હાવ કુટંબી લીધો. ૩
દાંગવ રાજાને પત્રજ પહોચ્યો, વાંચી પડી પેટ ફાળ;
જાદવ જોદ્ધને હું કયાં પહોચું, વિઘ્ન પડ્યું વિકરાળ. ૪
કયાં સીંહના સામુ સસલુ કયાં, મચ્છરને કયાં મછ;
કયાં નદી કયાં ખાબડુ કયાં, પાડો ને ન્હાનુ વછ. ૫
કયાં શેશને કયાં અળશીયું કયાં કનકને કથીર;
કયાં કેળને કયાં કાચકી કયાં, કાહારને કયાં ધીર.
એમ વિચારી થરથર ધ્રુજ્યો, દાઝ્યું અતઃ કર્ણ;
અપછરાયે કહ્યુંછે મુને, રહુ કોઇ મોટાને સર્ણ. ૭
એવું ધારીને કરી ત્યારી, નીકળીયો ઘરબાહાર;
મન ગમતી ઘોડીને છોડી, આપ થયો અસવાર. ૮
જાણ્યું કે જાદવ સામા બાહાજે, એવો છે કૌરવ સાથ;
બીજા બાહાજે સુત સતીના, પાંન્ડવ પંચાળી નાથ. ૯
એમ વિચારી નીકળ્યો, પાળીયો હસ્તીનાપુર;
દુરીયોધનની સભામાં આવ્યો, બેઠા ભીષ્મ વીદુર. ૧૦
દ્રોણ કૃપાચાર્ય અશ્વસ્થામા, જેદ્રથ ભગદત કરણ;
શકુની દમનીક દુશ્યાશન,ત્યાં આવિ લાગ્યો ચરણ.૧૧
આદ્ય ગાદી સત્યવાદી સૂરાની, અરજ કરૂ કરજોડી;
જદુપતી અતીમતી માઠી કરી, માગેછે મારી ઘોડી.૧૨
સીર સાટે મારે ઘોડી ન દેવી, તેથી કરેછે ચડાઇ;

હું નિરબળમાં બળ નહીં,મ્હારીપાસે માગી લડાઇ. ૧૩
એટલે ઇલાજ ન રહ્યો મ્હારો, ભાગી ગયાછે ચરણ;
મ્હોટા જાણીને અલ્પપ્રાણી હું,આવ્યો તમારેસરણ.૧૩
સરણ રાખી ઘોડી બચાવો, થાવો જદુકુળ સામા;
તે સાંભળી દુરીયોધન સામું, શીશ ધુણાવ્યુમામા. ૧૫
એટલે ઉત્તર દે દુરીયોધન, એ કામ નહીં અમારૂ;
ઘોડલી બે દીન માગેલી દેતાં, શું ઘટી જાયછે તારૂં.૧૬
પરાઇ લડાઇ લીજીએ શાને, વ્હેર વધારવા શીશ;
જબરા જોદ્ધા છે જથાવાળા, જાદવને જગદીશ. ૧૭
આપજે ઘોડલી તું મત મુકી,નહીંતો પામીશ દુઃખ;
એમ કહીને કાઢી મુકયો, ઉતરી ગયું મુખ. ૧૮
આંસુડાં ભરતો આક્રંદ કરતો, ઘોડલીને લઇ જાય;
સોસાઇ સભામાં પોંચાકરડયા,વિદુર ભીષ્મપીતાય.૧૯
સરણ આવ્યાને પાછો કાઢવો, ક્ષત્રીનું તે નહીં કામ;
કાયરકુંવર દુષ્ટદુરીયોધન, બોળ્યુ આગાદાનું નામ.૨૦
સંતાપ કરતા રહ્યા સભામાં, દાંડવે વિચાર્યું મન;
પાંડવને સરણે જઇને રહૂં, એ સુભ સતીના તન. ૨૧
એમ ધારીને પરવરીયો, ગયો ઇંદ્રપસ્ત માંય;
અભીમન્યુંને સુભદ્રાજી, ગયાં નદી નાહાવાય. ૨૨
મ્હેલમાં બેઠા સુત સતીના, હળી મળી પાંચ વિર;
કુંતાજી બેઠાં પુત્રની પાસે, જ્ઞાન ગુણે ગંભીર. ૨૩

વલણ.

તે સમે દાંડવ રાજીયો, આવ્યો છે સુભ ધામ;
વ્યાસ વલ્લભ મુખ ઓચરે. ત્યાં શું કીધુ કામ.

કડવુ ૮

રાગ કાફિ હોળીની ચાલ.

આવ્યો દાંઙ્ગવ રાય આંસુ ભરતો, પેઠો મેહેલમાં કરગરતો;
લટી પડીયો ધરમને ચરણ, સ્વામી આવ્યો તમારે સરણ. ૧
બાંધી કેહેડ મેં બળીયાના સામી, મુજરપર રૂઠયો અંતરયામી;
બોલ્યે બંધાયો માટે નચાલ્યું, મેં તો આભ ઉંડળમાં ઘાલ્યું. ૨
વણ વેહેરે લડાઇ લાગી, જદુપતીએ આ ઘોડીમાગી;
માહારે દેવી નહીં ઘડી એક, રાખી ત્યારથી તે મારો ટેક. ૩
માગે નદીથી માટે કળકળીયા, જુધ માગેછે જાદવ બળીયા;
કોપ્યા બળિભદ્રને કીશોર, સામા થયાનું શું મ્હારૂ જોર. ૪
નથી ઉભા રહ્યાની ધરણ, ત્યારે આવ્યો તમારે સરણ;
સુણી ધરમે કર્યો વિચાર, અરજુનના સાળક છે મોરાર. ૫
સરણે આવ્યાને કાહાડુતો દોશ, રાખુતો આવે નરને રોશ;
માટે મારે ન બોલવું ઘટે, આપો ઉત્તર નર રાજ વટે. ૬
સુણી અરજુનજી એમ કેહેછે, સગાને શત્રુ કયાં કરાવેછે;
એમ સર્ણ ન રાખવો જોઇએ, અન્યસ્થળે જા'રાખશે કોઇયે; ૭
દીધી દાંઙ્ગવને આગનાય, તત્ર દાંગવ થયો વીદાય.
જાણ્યું નથી ઠર્યાનો ઠામ, સુરાતણ વણ છે ક્ષત્રી નામ; ૮
નથી કો બેલી તે શું કરવું, કાષ્ટ ચીતા કરી બળીમરવું
ધારી ગયો તે નગ્રની બાહાર, આવ્યો નદી ત્રટે તેજ વાર; ૯
ઘોડી થી ઉતરી કાષ્ટ લાવ્યો, ચીતા ખડકીને વૈરાગ આવ્યો;
ઘોડી લઇને મરવું આદરીયું, મુકયો અગની હરીધ્યાન ધરીયુ. ૧૦
તેહ નદી ત્રટે અભેમાન, કરેછે અરજુન સુત સ્નાન;
તેણે નાહાતાં જોયું જાણી વાત, કોઇ પ્રાણી કરે આપઘાત. ૧૧
એવું સમજી દયા મન લાવ્યો, રાજા દાંગવની કને આવ્યો;

વદયો નરસુત મુખથી વાંણી, શાને બળીમરે રાજપ્રાણી. ૧૨
કોણ નાત જાતને કોણ દેશ, કોણ નામ ગામ કયાંનો નરેશ;
એવા શા કામમાં દુઃખી પડીયો. આપઘાત કરવા મતચડીયો. ૧૩
સુણી દાંગવ વદયો વચન. સુણો અરજુનજીના તન;
તમ મામાએ આ ઘોડી માગી, મે ન દીધી તે લડત લાગી. ૧૪
મારે વચન ઘોડીની સાથ. સોંપવી ન વળી કોઇ હાથ;
માટે ન દીધી તે ખોટુ લાગ્યુ, પત્ર દ્વારાએ સુરૂજ માગ્યુ. ૧૫
મુજ બળ વણ ધ્રુજ્યા ચરણ, ગયો તમારી માહોંન મરણ;
જાણી સગા જદુકુળ વાડી, તમ તાતજીએ મુકયા કાઢી. ૧૬
નવ્યરાખ્યો શરણ ત્યાં શુ કરવુ, આવ્યો જાળવ્યચ્ચ રીને મરવું;
સુણી સુતને મન વ્યાપી રોસ, છેક છેકી ગયા જગદીસ. ૧૭
રાજા હવે ન પામીશ મરણ, તુને રાખ્યો મેં મારે શરણ;
સુણી વેંણ વદે છે રાય, તમ બાળકથી શું રખાય. ૧૮
રાખ્યો શરણે તે જાણે વાત, અતી ઠપકો દે તમોને તાત;
તવ તમારૂ બોલેલું જાયે, જગમાં મુજ હાંશી થાયે. ૧૯
સુણી અભિમાન વદયો વાણી, નવ્ય ડરીશ બાળક જાણી;
ચાલ્ય સરણે જોજે મુજ માપ, સરમાયો સાળકથી બાપ. ૨૦
જેણે ક્ષત્રીની રીત ન બજાવી, વ્રદ્ધ પીતાની ગાદી લજાવી;
ઘોડી આપવા ન દેઉ આપ, મુને બ્રહ્મ હત્યાદીક પાપ. ૨૧

વલણ.

એમ કરી સરણે રાખીયો, આવ્યો પોતાને ઘેર;
બાંધી ઘોડી ધામમાં, બેઉ બેઠા સુખ ભેર.

કડવુ ૯

રાગ આશાવરી.

બેઉ બેઠા ધામ વિષે, સાંભળો સ્રોતા જન;
રસોડે રસોઇ ત્યાર થઇછે, જમ્યા સમે પાવન. ૧
કુંત્તા સૂભદ્રા દ્રુપતી ધ, ભી મ અને અરજુન;
શેદેવ નીકુળ સરવ આવ્યા, નથી આવ્યો અભેમુન. ૨
તે જોઇને ધર્મ માતા બોલ્યાં, કુંવરને ધામ જાવો;
વાટે સંચરો સુત વ્રકોદર, અભીમન્યુને લાવો. ૩
કેમ ન આવ્યો શું રીસાયો, કયાં લગી ખોટી થઇએ;
ક્ષુધા લાગી સમય થયો, હવે ન બેશી રહીયે. ૪
એવાં વચન ધર્મનાં સાંભળી, વહ્યો વાયુસત ભેમ;
કુંવરને ધામ આવી બોલ્યો, બેટા બેશી રહ્યો કેમ. ૫
અભીમન્યુ કહે પાછા પધારો, શું છે કુંવરનું કામ;
પાંડવ સેન્યને પાછો કાહાડયો, ગાદાનું બોળ્યું નામ. ૬
ક્ષત્રીના ધર્મનો ધારો તોડયો, સત્ય નાંખ્યું સહુ ફેડી;
સરણ આવ્યા [illegible] નપાડ્યો, લજાવિ શાતે પ્હેડી. ૭
આછા હો [illegible] હો [illegible] ને નાગો, આંખમાં ભાંજો મેશ;
ખાઇ બાટ [illegible] દીલવધારી [illegible], ભાદરવાની ભેંશ. ૮
પાંગવને હું સરણુ લાવ્યો, યુધે જશું ચડે ઘોડે;
ભીમ કહે ભાઇ ભલું કર્યું લે, હું પણ તારી જોડે. ૯
ઉલટ [illegible] ઉરમાં મુને, પાળવા ક્ષત્રી ધર્મ;
તુજ તા [illegible] તર [illegible] [illegible] ન, પ્રૌઢો શાળક સમે. ૧૦
એમ કહી ભીમ મ્હેલમાં પેઠો, બેઠો કુંવર કને;
એવે ઘટ [illegible] વાર થઇછે, કુંત્તા ક્રોધાતૂર બને. ૧૧
જા જઇને [illegible] સુત સેદેવજી, કયાં લગી થાશું ખોટી;
ભીમ રડ્યાને તેડવા મોકલ્યો, તે પણ ત્યાં રહ્યો ચોટી. ૧૨
એવું સાંભળી સેદેવ ચાલ્યા, અભીમન્યુને ધામ;

કળકળતા કહ્યું કાકા ભત્રિજા, બેશી રહ્યા શા કામ.૧૩
અભિમન્યુ કહે ધિક્કાર કાકા, ભસ્મ શરીરે ચોળો;
વિદ્યા તમારી નાશજ પામી, પાંનાં પાણીમાં બોળો.૧૪
દાંગવને શરણે નવ રાખ્યો, હું લાવ્યો તોડે મંકોડે;
તે સાંભળીને સેદેવ બોલ્યા, હુંએ તમારી જોડે. ૧૫
એમ કહીને ધામમાં બિરાજ્યા, બે ઘટીકા થઇ વાર;
એટલે કુંતાએ ક્રોધ કરી કહ્યા, નિકુળને તઇયાર. ૧૬
જાતુ તેડવા બેટડા મ્હારા, ગયા શેદેવને ભેમ;
કુંવર સહિત તેહીને લાવજે, બેશી રહ્યા સૌ કેમ. ૧૭
તે કરતાં કાંઇ કારણ હોયતો, આવ્ય તૂં ખબર લેઇ;
તું ત્યાં રેહેવું ચોગ્ય ધારેતો, જાજે ઉતર દેઇ. ૧૮
એમ કહિને મોકલિયા તે, આવ્યા કુંવરને ઘેર;
ક્રોધ કરી કહ્યુ બેશી રહ્યા છો, શી છે તમારી પેર. ૧૯
સુણી અભેમાન એવું બોલ્યો, પેર અમારી મોટી;
ટંટાનું ઘર લેઇને બેઠા, મતિ ખરી કે ખોટી. ૨૦
દાંગવને મેં સરણ રાખ્યો, જાદવે જે ઘોડી માગી;
તે શાયને તમે કાહાડી મુકયો, છુટી પડી વરણાગી. ૨૧
વાટ ઉઠી વરણાગીમાં, મેં રાખ્યો ખરી હોડે;
નિકુળ કહે રાખ્યો ભાઈ ભલે; હુંએ તમારી જોડે. ૨૨
એમ કહી નીકુળ બિરાજ્યા; કુંતા કહે આ કેવું;
જેજે ગયા તે ત્યાંને ત્યાંચોટયા, છેકાંઇ આશ્ચર્ય જેવું.૨૩
ઉઠો અરજુનજી જઇ જુઓ; કાંક થયું વિઘ્ન;
ચિંતાતુર થઇ ચાલ્યા પારથ, જ્યાં પોતાનો તંન. ૨૪
તાતને દેખિને તંન બોલ્યો, કાકા તમારો વારો;
માહારે બોલવું ઘટે નહીં તમે, પારથને ધિક્કારો. ૨૫

એટલે વેંણુ વદે વ્રકોદર, શું કરવા તું આવ્યો;
દાંગવને તેં તગેડી મેલ્યો; આ સુત સરણ લાવ્યો. ૨૬
ગાદીનું નામ રાખ્યું માટે; હું એને પંથ પેઠો;
સાળાની સરમ રાખીને તું; ધરમ બોળિ બેઠો. ૨૭
ત્રૈણે ભ્રાતને ચોથો ભત્રિજો; કરીશુ રાયનીરક્ષ;
સાસરિનું સારૂં તાકવુંહોયતો; તાણજે તું તેનીપક્ષ. ૨૮
ચઢીને આવજે અમારા સામો; દાખવજે તારૂં જોર;
સત્ય સારૂં નહીં પડીએ પાછા; શું કરશે કિશોર. ૨૯
જા જઈ માતને વાત કહે; કરવું નથી ભોજન;
નહીં આવીએ ધામ તમારે; બેસશું આ ભોવન. ૩૦
વચન વિરનાં સાંભળી વળીયા, અરજુનજી રણધીર;
આ તો વ્હાલામાં વિરોધ પેઠો, સોસાયુ શરીર. ૩૧
સંતાપ કરતો આવીયો જ્યાં, કુંતા ધરમ ભ્રાત;
ત્યાં ટંટાની મુળથી માંડી, કહી બતાવી વાત. ૩૨
આપણો સુતને સુભદ્રાજી, નાહાવા ગયાં સરીત;
ચીતા ત્યાં ખડકી દાઉવે, આદરીયું વિમીત. ૩૩
ઘોડી સહીત વ્હનીમાં પડી, આણવું ધાર્યું મર્ણ;
દેખીને દયા આવી કુંવરને, લાવ્યો પોતાને સર્ણ. ૩૪
સુતને તેડવા ત્રૈણ ગયા તે, તેની પક્ષમાં પેઠા;
સ્નેહ સગાનો તોડવા માટે, ક્લેશ લેઇ સહૂ બેઠા. ૩૫

વલણ

સુણી ધરમરાય બોલીયા, સાંભળ અરજુન વિર;
શીદ નર નામ ધરાવીયું, કાયર થયો રણધીર.

કડવુ ૧૦

ઓખાહરણમાં; જગ્યારે જાદવરાય. એ રાગ.
કુંતાજી તવ બોલે, તું થયો નર નારી તોલેરે

સાસરીયાંની સરમમાં, લેવાઈ ગયોરે. ૧
ક્ષત્રીપણું તેં ખોયુ, મુળ કુળ સામુ નવ જોયુરે;
સરણે આવેલાને પાછો કાહાડીયોરે. ૨
કુંખ જગોવિ મ્હારી, કાયર કુંવર દેહ ધારીરે;
અનાદીની ગાદીને લાંન્છન આપીયુંરે ૩
લજ્યો પાંડુ રાજા, જેની સકળ દેશમાં માઝારે;
તેવા તાતને માંથે પાણી ફેરવ્યુરે. ૪
તુ અજ્ઞાની જેવો, ક્ષત્રી ધરમ છે કેવોરે;
તે થી સમજ્યો ત્યાં સુધી ભ્રષ્ટ છેરે. ૫
જે જન સરણે આવે, તેને માન્ય દઇ બોલાવેરે;
ભીડ ભંજન થાવું એ રીતી રાયનીરે. ૬
તે રીતી તેં છોડી, દાંડ્યન ગયો કર જોડીરે;
ઘોડી લેઇ મરવું એણે ધારીયુંરે. ૭
ધન્ય કુંવરની નીતી, લાવ્યો સરણે એ રીતીરે;
ભલે પક્ષે પેઠા મારા દીકરારે. ૮
યુધ કરવાને જાશે, ક્ષત્રીનો ધરમ સચવાશેરે;
તારે હોય સરમ તો ઘરમાં બેસજેરે. ૯
ભીમ નીકુળને જોશી, હું ચોથી ચઢું ડોશીરે;
ટેક કુંવરનો ત્યાં જઇને રાખશુંરે. ૧૦
ધરમ રાજા કેહેછે, અરજુનજીને શીખ દે છેરે;
ઠપકો નથી તુજને; સાસરીયા તણોરે. ૧૧
કરજો સાચી વાત, જુધે જઇ સામળો સાથરે;
કહીયે દાંગવરાય સરણે આવીયોરે. ૧૨
જાણ્યું તમ સંગ વેહેર, રાખ્યોનહીં હમારે ઘેરરે;
કાહાડી મુકેલો અભેમાન લાવીયોરે. ૧૩
તે ભાણેજ તમારો, નથી કાંઇ વાંક હમારોરે;

છોરાં પુઠે રણમાં આવવું પડેરે. ૧૪
અમને ન દયો દોશ, રાખો ભાણેજ ઉપર રોશરે;
પણ કુંવરને કનડે કનડશું આપનેરે. ૧૫
એવું કેજો ભાઇ, કસુર ન નીકળે કાંઇરે;
જાવો જેને લાવો સહુ સાથનેરે. ૧૬
ધર્મે આજ્ઞા કીધી, અરજુને શીખ ગ્રહી લીધીરે;
ચાલ્યો ચાલ્યો આવ્યો સૂતના ધામમાંરે. ૧૭
જઇ કુંવરશુ ભાંખ્યો, દાંગવ મેં સરણે રાખ્યોરે;
પીંડમાં પ્રાણ લગી ઘોડી દેવી નહીંરે. ૧૮
ઉઠો રણધાર વીર, એ શું કરશે શામશરીરરે;
ઉઠ જમવા દાંડવરાય તું છે માહરોરે. ૧૯

વલણ

એમ કહી ઉઠાડીયા, તેડી લાવ્યો ઘેર;
ધર્મ કહે, ઓ રાજીયા, રેહેજે આનંદ ભેર.

કડવુ ૧૧

ઓખા કહેછે તુ સુણરે સાહેલી. એ રાગ.

એમ કહી ગ્રહ્યો છે હાથ, બેઠા જમવા લેઇ સહુ સાથ;
કરી ભોજન મુખવાસ લીધા, પછી સંગ્રામ વિચાર કીધા. ૧
બોલ્યા અરજુન પ્રત્યે ધર્મ, લખો પ્રભુ જાણે મર્મ;
બેઠા લખવાને અરજુન ભુપ, જાણજો તમે શામ સ્વરૂપ. ૨
માગી દાંડવની તમે ઘોડી, એવી અનીતિ ક્યારથી જોડી;
પામતો હતો તે રાય મરણ, રાખ્યો તમારા ભાણેજે સરણ. ૩
તેની પક્ષે આવિશું અમો, કરજો યુદ્ધની ત્યારી તમો;
એમ પત્ર લખીને પ્હોચાડયો, બળીભદ્રે તે વાંચવા માંડયો. ૪
કહી હરીને યથાસ્થીતિ, જુઓ પાંન્ડવ સગાંની પ્રીતી;
જ્યારે ત્યારે એ ચઢીને આવે, સુણી સામળીયો રીસ લાવે. ૫

કોના સગાને કોનાએ વ્હાલા, ભલા વાગ્યા ભલાઇના ભાલા;
હવે સગાઇ આવી મેલી, કરવું યુદ્ધ ન થાવું બેલી. ૫
સામો પત્ર લખ્યો શ્રી મોરાર, સુખે આવજો કુંત્તી કુંવારે;
લખી મોકલી બોલ્યા એમ, જેષ્ટ બંધુ કરીશુ કેમ. ૬
સુણી હળધર વધા વાણી, લખો સહુ દેશ સારંગ પ્રાણી;
ક્ષત્રી માત્ર સગા સ્નેહી કહાવે,આપણા આપણી પખે આવે.૭
સુણી સામળીયોજી લખે, આવજો આ વેળા સહુ પખે;
એમ પત્ર દીધા સહૂ દેશ, જાણ્યું ધરમરાય નરેશ. ૮
કહી ભ્રાતને વાત જે જાણી, માગી પક્ષ શ્રી કૃષ્ણ કલ્યાણી;
સહુ ભુપતી પક્ષમાં જાય, તવ આપણી શી ગત થાય. ૯
કહે સાંભળીને ચારે વિર, લખો આપણ પણ રણધીર;
પછી.જેની જ્યાં નસં તણાશે, હેત જેનું જેશુ તે ત્યાં જાશે.૧૦
એવું ધારીને લખ્યા કાગળીયા, દેવાને સહુ શેવક પળીયા;
પછી પુત્ર પ્રત્યે વદયાં માય, બેટા બીજો બતાવું ઉપાય. ૧૧
પધારો હસ્તીનાપુર પુત્ર, છે ત્યાં સગુ વાહાલુ ઘરસુત્ર;
કુળવૃદ્ધને દુરીયોધન, તેને દો યુદ્ધ નોહોતરૂ તન. ૧૨
એવિ માત તણી વાત જાણી, ઉઠ્યા ધરમને નર પ્રાણી;
આવ્યા સભામાં હસ્તીનાપુર, બેઠા ભીસ્મજી દ્રોણ વિદુર ૧૩
કૃપાચાર્યને અસ્વસ્થામા, કારભારીછે શકુની મામા;
ભુરીશ્રવાને ભગદત જેહ, બેઠા સુસરમા સૈત તેહ. ૧૪
બીજા ઘણા યોદ્ધા રણ ધીર, અંધ સુત બેઠા સત વિર;
ગાદી પતીછે દુરીયોધન, દતુ દમનાક દુરશાસન, ૧૫
દુરદમાન દેવક ભ્રાત, દ્રાક્ષા દુમપતી દ્રગ નાથ
દરહણુ સેન્યને દુરધા સુર; દંભુ દુરાણુ દગ્ધાતુર ; ૧૬
એવા એવા બેઠા સહુ ભાઈ, આવ્યા ધર્મ સભાનીમ્હાંઇ;
કુળ સહુ વૃદ્ધને નમી ચરણ; અમે દાંગત રાખ્યો છેસરણ ૧૭

પક્ષે આવવું મ્હોટા ભ્રાત, યુધ ધાર્યું યદુકુળ સાથ;
એવું સુણીને ભીશમજી બોલે, નહીનકી સુત કો તમ તોલે ૧૮
નામ દુરીયોધને બોળી નાખ્યું, તમે બરદ ગાદીનુ સાખ્યું;
અમો આવશું પક્ષમાં બાળ, કરી નાખશે શું ગોપાળ; ૧૯
રાખવિ નહી સગાંની સરમ, દેવુ યુધ્ધ યે ક્ષત્રીનો ધરમ
એવુ વદી વદયા ભ્રધએમ, કરશો દુરીયોધન કેમ; ૨૦
તવ બોલ્યો છે અંધ કુમાર, કહીએ છીએ કરી વિચાર;
એમ કહી ગયો મ્હેલ માંય. તેડયા શકુની મામાને ત્યાંય. ૨૧
કહો મામા જાવું કે ન જાવું, બોલ્યો મામો ઉપાય બતાવું;
જાવું પક્ષમાં પુરણ પેર, બદલું લેવાશે વેહેરે વેર. ૨૨
યુદ્ધ આરંભ થાય જે વારે, આપણે પાછા પડવું તે વારે;
મારે આગળથી જદુરાય, કરશું પુઠેથી આપણ ઘાય. ૨૩
બેઉ બાજુથી મારવો માર, પામે મરણ કુંતી કુમાર;
સાંભળીને વધ્યો વિભીચારી, મામા છે બુદ્ધીના ભંડારી. ૨૪
બેઉ દુષ્ટે સલા એવી કીધી, હશી હશીને તાળીઓ દીધી;
પછી આવ્યા સભાની માંય, બોલ્યો ધરમ પ્રત્યે એ ત્યાંય. ૨૫
ભાઇ ભલું કર્યું તમે કામ, આ વશું કરવા સંગરામ;
એવું સુણી યુધીષ્ટરરાય, વ્હેલા પધારજો કહી જાય. ૨૬
બીજે દીવશ લૈઇ સન્યાય, ચાલ્યો પાંન્ડવ પક્ષમાં રાય.
લીધું અગીઆર ક્ષોણી સૌ સાથ, બેકો હસ્તી આયુદ્ધ ગ્રહી હાથ;
ભીષ્મ વિદુરને કૃપાચાર, દ્રોણ ગુરૂને અનર કુંમાર.
કારભારીસહીત સહુ માણી, ઇંદ્ર પસ્ત આવ્યા હેત આણી ૨૮.

વલણ.

માન્ય સતી સુત દેઇને, ઉતાર્યા નીજ ઘેર.
વ્યાસ વાણી મુખ ઓચરે, પુછશું થઇ પેર.

કડવું ૧૨. રાગ ધનાશ્રી.

પત્ર બેઉના પ્હોચ્યા સહુ દેશજી, કરે વિચાર સર્વ નરેશજી.
લાગી સગાં સગાંમાં લડાઈજી, કરીએ કોની પક્ષ ચડાઈજી.

ઢાળ.

સકળ દેશના ક્ષત્રી લોકે, કરી લીધો વિચાર.
કોઈની પક્ષે જાવું ઘટે નહીં, ગયામાં દુખ અપાર. ૧
વ્હાલે વ્હાલાના વિરોધમાં જે, કોની કરીએ પક્ષ.
આજ લડેને આવતી કાલે, ભેગા થઈ કરે ભક્ષ. ૨
સાળ દાળ થાય એકડાંને, તરીયો તેઠે રહી જાય;
ઉષ્ણ જળે કદી ઘર ન સળગે, એમ ધાર્યું સહુ રાય. ૩
પક્ષ ન કરવિ સરમ ન હરવી, જોવો ન ન્યાય અન્યાય;
જે જેને શરમ જેટલી, તેટલી મોકલી સન્યાય. ૪
જાદવ પક્ષમાં ચાળીસ ક્ષોણી, સર્વ મળીને આવી;
બેતાળી ક્ષોણી પાંન્ડવ પક્ષે, સર્વ રાયે મોકલાવી. ૫
સાત ક્ષોણી હતું સતીના સુતનું, કૌરવનું અગીઆર;
ને સહુ મળીને સાઠજ ક્ષોણી, આવિ થયું તૈઆર. ૬
એટલે બોલ્યા ભીષ્મપીતાજી, સાંભળો કુંતી કુમાર;
જદુપતી જોરાવર પાસે, સાચાં છે અથીઆર. ૭
હળ મુશળને ચક્ર સુદસન, જયાં મોકલે ત્યાં જાય;
પ્રાણ લાધા વણ પાછાં ન પડે, તે મુજને ચીંતાય. ૮
તેના આયુદ્ધને બાજે તેવું, જોઈએ આપણી પાસ;
ત્રીસુળ લાવો ત્રીપુરારીનું, તો ભય પામે નાશ. ૯
શેવક હોયે શંભુ તણો જે, લાવવાની ધરે હામ.
વાત સુણી વર કોદર વદયો, દાદાએ મ્હારૂં કામ. ૧૦
હું સંચરૂ શીવજીના પાસે, સમજાવિને લાવું;
તેમ ન આપે તો જોર કરીને, જટા ઝાલી ધુંણાવું. ૧૧
એમ વદી વર કોદર વાટે, સંચરીયો સુભ મનઃ

શીવાલયમાં આવિ ઉભો, પ્રેમે કર્યું પુજન. ૧૨
જળ ચડાવી ચંદન ચરચ્યું, પ્હેરાવ્યા પુસ્પના હાર;
આક ધંતુરો વિજીયા વાટી, પ્રેમે કરી પયધાર. ૧૩
ધુપ દીપને નૈવેદ મુકી, ફિર આવ્યું અતી વ્હાલ;
નરત્ય કરીને હરહર શંભુ, ફરી વગાડયા ગાલ. ૧૪
તોપણ દરસન દીધાં ન ત્યારે, રીસ વ્યાપી ગઇ હાડ;
બાહાર નીકળી ઉપાડી લાવ્યો, બીલી પત્રનું ઝાડ. ૧૫
તે લઇને પોરવ્યું દેરામાં, ધ્રુજી ગયાં ઉમીઆય.
જુઓ ભોળા ભકત તમારો, વિઘ્ન કરે ધામ માય. ૧૬
તે જોઇ પ્રગઠીઆ જટા ધારી, દરશન કીધાં નાથ.
હાંહાં ગાંડીયા આશું કરે કહી, મુસ્તક મુકયો હાથ. ૧૭
માગ્ય માગ્ય શું માગે બેટા, ભીમ કહે કષ્ટ કાપો;
સામળીયા શું સંગ્રામ કરાવો, ત્રીસુળ તમારૂ આપો. ૧૮
ત્રીપુરારી કહે ત્રીસુળ ન મળે, બીજુ દુઃખ છોડાવું;
ભીમ કહે ત્રીસુળ ન દયો તો, દાઢી ગ્રહી દોડાવું. ૧૯
ભોળો ભીમના ભાશણે હરયા, લ્યો બેટા લેઇ જાવો;
સંગ્રામ સામળીયા સંગ જીતી, પાછુ દેવાને આવો. ૨૦
સતીના સુતે શીશ નમાવ્યું, ત્રીસુળ લઇ ઘેર આવ્યો;
સભામાં આવિ લીધી શાબાશી, લ્યો દાદા હું લાવ્યો. ૨૧
ભીશ્મ કહે રાખ તાહારી પાસે, તૂ તજજે સંગ્રામ;
ચક્ર કે હળ છુટે ત્યારે છોડાવું, એટલું તાહારે કામ. ૨૨
એમ સહુ સંતલ્લસ વિચારી, થઇ ગયા સાવધાન;
લડાઇની ચડાઇ કરીને, ફરકાવ્યાં નીશાન. ૨૩
વાજતે ગાજતે છત્ર છાજન, રથે બીરાજ્યા રાય;
ડંકા દેતા બંકા ચાલ્યા, મેંદાન ભોમી માંય. ૨૪
ગોડલા જોડલા ઓળ ઉંટોની, ચર્ણુ ચાલે સુભ સાથી;

વ્રકોદર નંદન વાયુનો, બેઠો જે મંગળ હાથી. ૨૫
સકળ સન્યા આગળ આલે, પુંઠળ પંડે વાધે;
મુષ્ટી વાળીને ત્રીસુળ ઝાલ્યુ, ગદા ધરી છે ખાંધે. ૨૬
ઘોડીએ બેશી દાંગવરાજા, જુદ્ધ જોવાને જાય;
આવી ઉભા સહુ મીર બાંધી, જાણ્યું શ્રી જાદવરાય. ૨૭
યાદવના યોદ્ધ યુદ્ધે ચડીયા, દેવકીનું વરસુત્ર;
એક લાખને સાઠ સહસ્ત્ર, એકાશી પ્રભુના પુત્ર. ૨૮
છપન કોટીને ચાળીસ ક્ષોણી, બળદેવજી બળવાન.
આયુદ્ધ ગ્રહ્યાં હાથમાંને, યુધે થયા સાવધાન. ૨૯
રાતા તાતા મદ ન માતા, થાતા જાતા મેદાન;
આવિ ઉભા સહોદર સાથે, ચક્રધારી ભગવાન. ૩૦
સામા પડીયા મુમને ચડીયા, સામળને સતી સુત;
પાંડવ પ્રત્યે પ્રભુજી બોલ્યા, બની આકળા ભુત.

વલણ.

બળદેવને કહ્યે બોલીયા રીસમાં રણછોડ રાય.
પ્રીતી ટુટી પાંડવો, લાગી સગાઇમાં લ્હાય.

કડવું ૧૩.

રાગ આશાવરી.

અંતરયામી ઉકળી બોલ્યા, સાંભળો સતીના તનજી;
સગા જાણી સદા સ્હાય કરી ત્યારે, આવ્યો અમારે આનંદજી.
વચન સાંભળ્યાં વિઠલ વરનાં, બોલી ઉઠયો અરજુનજી;
સગા જાણી સર્વે ન રાખ્યો, રાખી લાવ્યો અભેમુનજી. ૨
તેરે કુંવરનું રક્ષણ કરવા, પક્ષમાં આવ્યા નાથજી;
માટે અમોને કાંઇ ન કેહેશો, કરો ભાણેજ સંગ વાતજી. ૩
એવા પાંડવો છુટી પડયા ત્યારે, બોલ્યા શ્રીભગવાનજી;
ધન્ય ભાણેજા ધન્ય ભાણેજા, ધન્ય તુને અભેમાનજી. ૪

ઘેર રાખીને ઉછેર્યો તૂને, તેનું મળ્યું આ લ્હાણુંજી;
સગુનો અરથસગો સારે, ત્યારે સગો પરમાણુંજી; ૫
જગતની રીતછે, જાણું તે ઝ્હેરી, તેમાં શો ધરીએ રોશજી
કયા કસુર કાહાડુ તાહારોહું, છે ગુણુનો ભાઇદોરાજી; ૬
નહી તમારા અમે નહી અમારા નમે, આજથી સગપણ છુટયુંજી
ઝ્હેર વધાર્યું જાદવસાથે, ભવિશ તમારૂ ફુટયુંજી; ૭
એવું સાંભળી અભીમન્યુને, હળહળ વાપી રીસજી
જોઇ વિચારી બોલ્યો મામા, શું ધરાવોછો બે શીશજી; ૮
તમારા છોકરા છાકે છકેલા, પરાઇ માગે ઘોડીજી;
આજતો એછેને આવતીકાલે, માગશે કોકની છોડીજી ૯
સત્યને સારૂ સગાંના સામા. થાવું તેમાં નહી ઝ્હેરજી;
તમે તમારો મામો માર્યો, તેવિ કરૂ હું પેરજી; ૧૦
મામાનું દેખી ભાણેજ શીખ્યો, તેમાં શું ઠપકો દેતાજી
મુળ ક્ષત્રીના ધર્મ પ્રમાણે, યુદ્ધ અમે માગી લેતાજી; ૧૧
બળદેવ કેહેછે વિરલા મ્હારા, શું બોલો બાળેક સાથજી;
ત્રીકાળ જ્ઞાની શેદેવજોશી, ઉભા આયુધ ગ્રહી હાથજી; ૧૨
તેના સામુ જોઇ શીશ ધુણાવ્યું, પછી બોલ્યા ભગવાનજી;
શું રે જુઓછો જાદવ મારા, સર્વે રહો સાવધાનજી; ૧૩
પછી પાંન્ડવમાં ભીષ્મપીતાએ, કેવો કર્યો વિચારજી;
ભેળભેળ રાખી યુદ્ધ કરીશું તો, ખામી પામીશું અપારજી ૧૪
કૌરવ કપટી છે કુકરમી, વખત પર દે દગોજી
મળતો હીને મારી નાંખે, નથી સુ જાતી સગોજી; ૧૫
એમ જાણીને ભીશમપીતાએ; પેરવિ કીધી પાકીજી,
ઓળ કરીને એક એક સામી, શેન્ય પોતાની રાખીજી; ૧૬
બળદેવ સામા આપ થયાને, અરજુનને જગદીસજી;
પ્રદુમાનને દ્રોણગુરૂએ, સામા થયા ધરી રીસજી; ૧૭

કમળલોચન સામો કરણને, રાખ્યો ભીશમ પીતાયજી
શાંતમના સામો રાખ્યો શકુની, ભાણુને ભુરીશવાયજી; ૧૮
સુદંત સામો સુસરને, રાખ્યો કરવા યુદ્ધજી;
ભાણુવંત સામો ભગદત રાખ્યો, અભેમાનને અણીરૂધજી ૧૯
એવા અંન્યો અન્ય ગોઠવિયા, પછી વદયા વૃદ્ધ એમજી,
પવનપુત્રતૂ સહુ પુઠે રેહજે, ગદા ત્રીશુળ લેઈ ભેમજી; ૨૦
હાથી ઉપર રહી ચરચા તું જોજે, શેન્યની ચતુરસ જાણજી;
આ ઓળમાંથી જે પડે પાછો, તેના લેજે પ્રાણજી; ૨૧
કહ્યું ગરજના કરીદાદાએ, ભાંગી પડયો ધાર્યો ઘાટજી;
દુરીયોધન કહે જુઓ મામા, ડોસાયે વાળ્યો દાટજી; ૨૨
હોંશહૈયાની હૈયામાં પેઠી, ધાર્યો વિચાર છુટી પડીયોજી;
ઘાટ ઘડત આ કુંન્તા નંદનનો, નડારોડોસો નડીયોજી: ૨૩
મામો કહે હવે મનસુબા મેલો, કાંઈન વદશો વાણજી;
પાછા પડશોતો પુત્ર પવનનો, ગદાથી લેશે પ્રાણજી; ૨૪
કબજ પડીયા ઓળમાં અડીયા, હવે નથી ઉપાયજી;
સામાના સામો સંગ્રામ કરવો, થનારૂ હોયતે થાયજી; ૨૫

વળણ *

એહોંશ રહી ઉરમાં, ફરી ગયો વિચાર;
પાન્ડુ તનને જાદવે, હાથ ગ્રહ્યાં હથીઆર;

કડવુ ૧૪ મુ રાગ.આશાવરીનીછાંયા

સામાસામી સરવ જોદ્ધે, હાથગ્રહ્યાં હથીઆર;
બાણા વળીયે બાણલીધાં, કીધા ધનુશ ટંકાર; ૧
અરજુનજીએ ગાંન્ડેવનામા, ધનુશ ધારણ કીધું;
વાંકુ વાળ્યુ ટંકાર થયો ત્યાં, ચાંપે મડાવિ દીધુ; ૨
તેનો શબ્દ ત્રી લોકમાં વ્હાપ્યો, ડોલ્યા દસે દીઘપાળ,
ધરણ લાગી ધ્રુજવાને, ખળભળ્યું પાતાળ; ૩

શબ્દ સુણીને પુત્ર પવનનો, કપીવર જેનુ નામ;
ઉછળીને આકાશ ચડયો, આવ્યો રણ ભોમી ઠામ; ૪
સ્વરૂપ કારમુ અનુપ સોભા, પાંન્ડવ દળમાં પેઠા;
પારથના રથની ધજાયે, પુંછ વિંટાળી બેઠા; ૫
તવ સોભા થઇ સોહામણીને, ગરગડીયાંનીશાન;
રણ વિશે રણ શીંગાં વાગ્યાં, સુરાયે સાંભળ્યાં કાન; ૬
શબ્દ સુણી સુણી સુર ભરાયાં, ગાજ્યા ગાજે જેમ મેઘ;
સામા સામી દળમાં દોટ મુકી, કીધો ભારે ભેગ; ૭
જરા ન લાજ્યા ગાજ્યા બાજ્યા. ઉછળીયાં આયુદ્ધ;
દે માર દે માર મારજ દેતા, ન રહે સાનકે સુદ્ધ; ૮
સત્રુ તુલ્ય સુરા સહુ બાજે, ક્રોધ રહ્યાછે વરશી;
ભેરીમાળને ગોળા ગાજે, ભાલા બાણનેફરશી; ૯
ગુપ્તી ગેડીને ગદાયો ઉછળે, તર્કસ તીર તરવાર;
ખપવા ખંજર સાંગ્યને ત્રીસુળ, જમઇઆને કટાર; ૧૦
કર્વત કોવાડા ડાંગને આડાં, બંધુક નેપીસ્તોલ;
આડીયાં કાતરીયાંને ઢાળીયાં, ગોફણનીગલોલ; ૧૧
બાણ વછુટે ઉતપાત ઉઠે, પડે કાયાને કષ્ટી;
માહા માર મારે યોદ્ધ પોકારે, કરે આહાકાર સ્રષ્ટી; ૧૨
અગણીતા મંત્ર ભણી ભણીને, નાંખે બાણાવળી બાણ;
કાહારની કાયાને અડેતો પલકમાં જાય પ્રાણ; ૧૩
બળાભદ્ર અગણીતૂ નાંખે, સાઠશસ્ત્ર બાણજાય;
ભીશ્મપીતા પણ તેવું મારેછે, જાતા લક્ષ એક થાય; ૧૪
સાઠ શહસ્ત્ર ચાલે અરજુનનાં પ્રભુજીનાંપણ તેવાં
બાણ ઘણી ઘણી ઝડી પડેછે, અનંત છુટે એવાં ૧૫
સુરા પુરાને સુર ભરાયાં, જણાવે ઝાઝુ જોર;
મહાભક્ષીકારામ શર છુટે, થાયઘણુ ઘમઘોર; ૧૬

ગાજતા બાજતા ન લાજતા કો, થાયછે સોર બકોર,
મરણ આદરી જાદવરૂઠયા, ક્રોધે થયા કીશોર; ૧૭
શીશે ચડીયા સત્રુમાં પડીયા, વાળવા માંડયો ઘાણ;
ખડગે ખોડો કાઢવા માંડયો, વાળી નાંખે હથરાણ; ૧૮
ત્રાહ ત્રાહ પોકાર પાડેછે, પાંન્ડવ કેરા જોધ,
તે દેખી શેદેવ જોશીને, પ્રગટયો પુરણ ક્રોધ; ૧૯

વળણ

કડવું ૧૫ મુ રાગ.ધામસીંગી

હતું શેદેવને વરદાન, ધર્યું તે જોમણી તણું ધ્યાંન;
કીધું સમરણ શેદેવ ભુપ, ધર્યાં પંચાણુ કોટી સ્વરૂપ; ૧
જયાં જુએ ત્યાં શેદેવ જોશી, રણમાં રૂપ પ્રકાસ્યું રાશી;
કરી ગરજના તતખેવ, એક જોધને એક શેદેવ; ૨
યુધ કરવાને આપઅડીયા. જદુ જુધને બાજી પડીયા;
જાણે બળવાન જોધો જેને, બાહાજે બબે ચચાર જઇ તેને: ૩
બળ બતાવ્યું અપરમ પાર, બ્હાજ્યા બળદેવજીને બાર
પડી સેન્યમાં ચીસા ચીસ, વળગ્યા વિઠ્ઠલવરને વિસ, ૪
ત્રાહ ત્રાહ કરેજદુ કુળ, પેટ ચોળી કયાં કીધુ સુળ;
બળીભદ્રજી બાવરા બનીયા, કેઇ કુંન્તાયે આવડા જણીયા ૫
સુણી સંદેશે ઝાલ્યા ચરણ, હળધારીને ઢાળ્યા ધરણ;
તવ બળદેવ મુખ પોકારે, ચડો વનમાળી વિર મમ વારે; ૬
સુણી શબ્દ વધ્યા જગદીસ, જુઓ મુજને વળગ્યા વિસ;
સૌનાં લાગ્યાં સૌ ભોગવો ભાઈ, આમ લેવાય પીડી પરાઇ, ૭
એમ કહીને શેદેવ સાથે, કરી વારતા વૈકુંઠ નાથે;
મેંતો વચન લીધુતું જેહ, ચુકયા શેદેવજી વેણ તેહ; ૮
કહી એકના અનેક ન થાવું, દેઇ વચન શું કર્યું હાવું;
સુણી શ્રીહરી સુતે કહ્યુ એમ, તમે તમારૂ ચુકશો કેમ; ૯

મને વેણ દીધુતું પાકુ, સદા રથ અરજુનનો હાકુ,
નથી હાંકતા તે ચુક્યા ટેક, માટે એકનો થયો અનેક ; ૧૦
સુણી સામળીયો ચાલ્યા છટકી, લાગી વચનની ચીત ચટકી;
દોટ મુકી અસરણુંસરણ, નરનો સારથી હાળ્યો ધરણ; ૧૧
રથે ચડી બેઠા વનમાળી, કરમાં રાશ પરોણો ઝાલી;
એવું શેદેવજીયે ત્યાં ભાળ્યું, જાણ્યું વેણ વદેલુ પાળ્યું ૧૨
માહારૂં વચન જાશે વ્યર્થ, થયા અનેકના એક તર્ત;
જોઇ પ્રભુજી હરખ ભરીયા, નરને રથથી ઉતરીયા; ૧૩
જઇ પોતાના જુથમાં પેઠા, ગ્રહી આયુધ રથ પર બેઠા;
રીશે ભરેલા આડો આંક, લેઇ ચક્ર ચડાવ્યુ ચાક; ૧૪
માહા રક્ત કીધાં લોચન, ધાર્યું વિપ્રીત જુગજીવન;
જોઇ ભીસ્મપીતા વદ્યા એમ, જોજે ચોટતુ ચુકતો ભેમ; ૧૫
ચુકવે ચુકવાના ન સ્વામી, શેન્ય સહીત જશું અંત પામી
સુણી પવન પુત્રે એમ વાણી, લીધું ત્રીશુળ મ્હા ક્રોધ આણી,

વળણ.

ત્રીશુળ લીધું હાથમાં, લોચન કીધાં રક્ત.
હર હરીનાં અથીઆરથી, બ્હાજ્યા ભુધરને ભક્ત.

કડવું ૧૬ મુ રાગ.ધનાશ્રી

સામા શામાં લીધાં અથીઆરજી, થયા ક્રોધ કરી તઇઆરજી;
ધાર્યું વિપ્રીત અપરમ પારજી; કરૂં તેયુધ્ધનો વિસ્તારજી;

ઢાળ *

વિસ્તાર કરૂ યુધનો, સુણો સ્રોતા જન સર્વ;
ખરાં ખડગ સામાસામી, લીધાં ધરી મન ગર્વ; ૧
પ્રથમ ચક્ર પ્રભુએ મુકયું કાહાડવા પાંન્ડવ કુળ;
તે દેખીને પવન પુત્રે, તર્ત મેલ્યું ત્રીશુળ; ૨
હર હરીનાં આયુધ છુટયાં, વાયુને વેગે જાય;

ધુઘવાટે સુસવાટે જાતાં, સનમુખ ભેગાં થાય; ૩
ગરજના કરતાં પાછાં ન ફરતાં, બેઉ મુમને ચડીયાં;
એકએકને ટક્કર મારે, બહુ બળે ભાઝી પડીયાં; ૪
થાય કડાકા ભારે ભડાકા, ટીચાય ધારેધાર;
ઘાવ વાગે તેથી ઝરેછે, ધીખ ધીખતા અંગાર. ૫
દાદશ પ્રષ્ટી વહંની કેરી અગની ઉડયો અપાર;
વઢવું મેલ્યું વેગળું ને, સૌ શેન્ય કરે પોકાર. ૬
સુર સૂરા જનના ઉતરીયાં, ત્રાહ્ય ત્રાહ્ય મુખ ભાંખે;
અંગારા અંગ ઉપર આવે, તે સહુ ખંખેરી નાંખે. ૭
કૈંકની દગ્ધ થઇ ચાંમડીને, કૈંકના સળગ્યા કેશ;
કૈંકનાં વસ્ત્ર આભુશણુ સળગ્યાં, કૈં થયા નગન વેશ. ૮
ઘણાક પ્રાણી પ્રલય થયા, ત્રાસ પામી સહૂ સ્રષ્ટી;
ભોમી લાગી કંપવા એવિ, થૈ અગનીની પ્રષ્ટી. ૯
કષ્ટી પડે દ્રષ્ટી નજોવાયે, શેન્નમાં સહૂને શોક;
આયુધ લડતાં આકાશ ચાલ્યાં, ત્રાશી ગયા સુર લોક. ૧૦
તાપ નખમાયો અગનીકેરો, વરસે મ્હોટા લાળા;
સ્વરગ માંથી દેવ લોકે, દેખી ભર્યા ઉચાળા. ૧૧
આહાકાર થયો અવની વિશે, જાણ્યુ જુગદાધાર;
નીષ્ચય થાશે આ અગનીથી, પ્રથવિ પ્રલેકાર. ૧૧
મ્હોટાને મ્હોટમ હોય નહીને, વડા નેશીવડાઇ;
નીચા નમ્યાથી ઉંચ જણાશું, હોલવિ નાંખુ લડાઇ. ૧૨
દુનીઆને દુખે નવ દાઝુ, તો કોણ કેહેશે દયાળુ;
એમ જાણી રથેથી ઉતરીયા, પોતે ક્રસ્ણ ક્રપાળુ. ૧૩
ચાલીને આવ્યા પાંન્ડવ દળમાં, જીવ જીવાડવા ધાર્યા;
ભાણેજને આવિ શીશ નમાવ્યુ, તમે જીત્યા અમે હાર્યા. ૧૪
સ્રષ્ટીની કષ્ટી કરો નીવારણ, હું કહુછુ કરજોડી;

ટેક તોરો તમ આગળ મેલ્યો, નથી જોઇતીં ઘોડી. ૧૫
અગનીથી અવની બળી જાશે, થાશે પાતક પુર;
તેસાંભળી નમસ્કાર કીધો, ભીસ્મજી ને વિદુર. ૧૬
સાબાશ મ્હોટા તે મ્હોટા, ખોટા ન થાય કોકાળ;
જયાં ત્યાં ફરીને જગત જીવાડો, વિશ્વતણા પ્રતી પાળ. ૧૭
એવું સુણી શ્રીકૃષ્ણ ચંદ્રત્યાં, વાણી વદે કે એમ;
ત્રીશુળ તમે તમારૂ બોલાવો, ઓબળવંતા ભેમ. ૧૮
સુણીને ભીમે પોકાર કીધો, ત્રીશુળને બોલાવે;
પ્રભુએકહ્યુ હડભરેલાં, આયુધ એમ નઆવે. ૧૯
કૃપા કરો કપીવર તમે, ઉછળી આકાશ જાવો;
એ બેવજ્જર તેવા તમે છો, બે ભુજ બે ગ્રહી લાવો. ૨૦
અંજની નંદન એવું બોલ્યા, હું જાવું આકાશ;
બે વજ્જરને ત્રીજો હું તેવો, કયાં પડાએ અવિનાશ. ૨૧
પ્રથવિમાં પડુ પ્રથવિ ફાટે, ઉતરી જાવું પાતાળ;
પડવા વસ્તુ વજ્રની હાયે તોતેમ કરૂ કૃપાળ; ૨૨
આખુવજ્ર ચક્ર તમારૂ, આખુ વજ્ર ત્રીશુળ.
ત્રીજો વજ્ર હું છુ આખો, કેમ આવે અનકુળઃ ૨૩
ત્રૈણે વજ્રનો બોજ પડેતે, પૃથવિ ઝીલે કેમ;
પ્રભુ કહે અડધાછો વજ્જર ઓ વાયુ સુત ભેમ. ૨૪
અવના ઉપર ઉંધા સુઓ, વજ્જર ડાભુ અંગ;
તે પર પડે ભક્ત રામનો, નથાય ભોમાં ભંગ. ૨૫
તેસાભળી વરકોદર બોલ્યો, શુથાઓછો અજાણ,
મુજથા પુંછ ઉંચુ નતૂ થયું, તેપડે તો જાયમાણ. ૨૬
કપી કહે પડશું જાળવિને જીવ જીવાડવા મારો,
ભગવાન ભીસ્મને વિદુર બોલ્યા, સ્રષ્ટાને ઉગારો ૨૭
એવાં વિવેકીનાં વચન સુણી કપોળ મેલ્યોહાથ;
અનેકમાટે ભલે એકમરૂ, ઉગારે દીનોનાથ; ૨૮
એમકહીઅવનીપરસુતો, કુંતાસતીનો તન;

અરજુનના રથપરથી ગાજ્યા, કપી ગયા ગગન, ૨૯
ઝડપ જૈ ઝાલ્યાં અર્થીઆરો, બળથા બે ભુજ માંય,
તોપણ આયુધ બાઝવા દોડે, કર કપીના તણાય. ૩૦
બળ થકી કપી ગ્રહ્યા રહ્યાછે, જરા નહી લડથડીઆઃ
પાંન્ડુપુત્રનાઊભા પાસાપર, આવિ કપીવર પડીઆ. ૩૧
તવ સાગત્રાણુ વજ્જર મર્યાં, દાંઙ્ગવ જેગ્રહી ઘોડી;
તઘોડીથઇ અવછરા જૈ, દાંઙ્ગવને તરછોડી. ૩૨
સ્વરગે ચાલી નરહી ઝાલી, જોયુ શેષના લોક,
દાંગવનુ મુખ ઉતરી ગયું, થયો અતીમન શોક. ૩૩
પાપણી મારે વિરોધ વ્હાલામાં, કરાવ્યો મેં અજાણ
મુખડુ મ્હારૂ શું દેખાડુ, કાહાડુ પાપીપ્રાણ; ૩૪
એનકહીદેહ પાડવાબેઠો, મહીકટારી ત્રણી;
પાંન્ડવ જાદવ હળીયા મળીયા, પળીયા દાગવભણી. ૩૫
હાહાં કરીને હાથ મેલ્યા, દાંગવ કેરે શીશ;
જાદવ પાંડવ સરવ બોલ્યા, આ વાતમાં નથીરીસ ૩૬
થવાકાળ થયે જાય તેમાં, શો છે તમારો વાંક;
એમકહી એને ઉગાર્યો, નમો પડયોતવ રાંક. ૩૭
અમીદ્રષ્ટા અક્ષબેન્નાયે કિધી, શેષ મહી અ કરોધ;
મરણ પામેલા સહુ ઉઠયા, જીવતા થયા જોદ્ધ. ૩૮
સહુસહુનું શેષ વિદાય કિધું, દાંગવ દે સરપાવ;
લડત વડત વ્હેર ન મળે, હતા તેવા થયા ભાવ. ૩૯
પાંડવ પાજ્યા ઇંદ્ર પસ્તમાં, જાદવદ્વારીકાં માંય;
કૌરવ વિદુર ભિષ્મ આદે, હસ્તીનાપુર જાય. ૪૦
અપછરા અરવણી ટળીને, રહી સ્વર્ગસુદન;
ત્રીશુળ ભિમ જઇ આપી આવ્યો, જ્યાં કઇલાશ ભોવન. ૪૧
પસુ તણો દેહ નાશ પામ્યો, અવછરાનો જેમ;
એકચિત સાંભળે કથા તેનો, ટળે પસુ દેહ તેમ. ૪૨
સાંભળે શીખે ને સંભળાવે, પ્હોચે મનના કોડ;
વ્યાસ વલ્લભ વદે સહુ બોલો, જયજય શ્રી રણછોડ. ૪૩

સમાપ્ત

આપુસ્તક રાયપુર પખાલીનીપોળમાં વ્યાસ વલ્લભરામ
નેઘેરથી તથા માંડવિનીપોળમધે લાલાભાઈની પોળમાં
મોતીલાલનેઘેરથી તથા રાયપુર બંગલાનીપોળમાં ભટ
સોમનાથ છગનનેઘેરથી રોકડી કીંમતેમળશે

જાહેર ખબર

વલ્લભપદમાળા આ નામનુ પુસ્તક વ્યાસ વલ્લભરામનુ
રચેલુ, હરીજનોને રાખવાલાયકછે કારણકે સંસારના વે-
હેવારઉપર અરૂચીથઇ ઇશ્વર પારાયણ વ્રત્તીથાય એ-
વુંછે માટે ભક્તજનો ચેતીને મંગાવો *